## પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી.

નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

**પકડી પાડતી નવસારી એસ.ઓ.જી. ટીમ**



નવસારી જીલ્લા પોલીસ તરફથી નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારૂ ડ્રાઇવ રાખવામાં આવેલ હોય નવસારી એસ.ઓ.જી. દ્વારા **મળેલ બાતમી અન્વયે નવસારી દશેરા ટેકરી ખાતેથી ચીખલી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૧૨૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૪,૩૮૦ તથા ચીખલી પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં ૧૩૮/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૪,૩૮૦ મુજબના કામનો વોન્ટેડ આરોપી** અજય શૈલેષભાઇ દંતાણી ઉ.વ ૨૦ રહે. દશેરા ટેકરી,રામજી ખત્રીની નાળ,તા.જી. નવસારી **નાને** પકડી પાડી સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી ચીખલી પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી આગળની વધુ તપાસ ચાલુ છે.

૨. નાસતો ફરતો આરોપી પકડી પાડતી નવસારી પોલીસ .



## <u>ગણદેવી પો.સ્ટે.ના અનડીટેકટ મર્ડરના ગુનાના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી નવસારી એલ.સી.બી</u>

ગણદેવી પો.સ્ટે. અ.મોત નંબર ૦૧/૨૦૧૯ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબના કામે મરણ જનાર ડીમકભાઇ બાબુભાઇ આહીર રહે.સાદકપોર,બામણીયા ફળીયા તા.ચીખલી જી.નવસારી નાઓના માથાના ભાગે કોઇ સાધન વડે મારેલાના નિશાન જણાય આવેલ છે અને તેનુ કોઇએ મોત નીપજાવેલ હોવાની શકયતા છે જેથી આ કામે આ મોત નીપજાવનારનાઓને શોધી કાઢવા પોલીસ અધિક્ષકશ્રી નવસારી, ના.પો.અધિ.શ્રી નવસારી વિભાગ નવસારી તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.જી.લીંબાચીયા એલ.સી.બી. નવસારી નાઓએ શ્રી એમ.જી.જોષી પો.સબ ઇન્સ.પેરોલ ફર્લો સ્કોર્ડ એટેચ એલ.સી.બી. નાઓને સુચના આપેલ.

જે સુચના આધારે ફરીયાદમાં જણાવેલ શકદારોના મોબાઇલ નંબરોની કોલ ડીટેલ મેળવી તેનો અભ્યાસ કરી એલ.સી.બી.નવસારીના અ.હે.કો.રાકેશભાઇ શ્રીરામભાઇ તથા પો.કો. અર્જુનભાઇ પ્રભાકરભાઇ તથા પો.કો.કિશનભાઇ ગોવિંદભાઇ તથા પો.કો.સંદીપભાઇ પીઠાભાઇનાઓની ટીમ શકદાર અભિષેકકુમાર અવધેશકુમાર રહે.વરેલી સુરતના ઘરે રવાના કરેલ અને તથા બીજી ટીમ અ.હે.કો.નિલેશભાઇ જયસિંગભાઇ નોકરી પેરોલ ફર્લો સ્કોડ નવસારી તથા અ.હે.કો. રમેશભાઇ વાહજીભાઇ તથા પો.કો.નિમેષભાઇ કાંતીલાલ તથા વુ.પો.કો.અમીતાબેન રસીકભાઇ નોકરી એલ.સી.બી. નવસારી નાઓને શકદાર બીનાબેન ડીમકભાઇ આહીર રહે.સાદકપોર, બામણીયા ફળીયા તા.ચીખલી જી.નવસારી ખાતે રવાના કરેલ જેઓ બન્ને ટીમના માણસો શકદારોને એલ.સી.બી. ઓફીસ ખાતે લાવી તેઓની પુછપરછ કરતા જણાવેલ કે, આ કામે મરણ જનાર ડીમકભાઇ આહીર નવસારી ચીખલી ખાતેથી તેઓની પીકપ ફોરવ્હીલ વાહનમાં સાડીના પાર્સલ લઇને મીલીયમ માર્કેટના પાર્કીંગમાં જતા તે દરમ્યાન તે માર્કેટમાં પાર્સલ નાખવા જતા અભિષેકકુમાર અવધેશકુમારની ઓળખાણ ડીમકભાઇ આહીર તથા તેની પત્ની બીનાબેન સાથે થયેલ. તેમજ મોબાઇલ ફોન ઉપર વાતચીત કરતા અભિષેક તથા બીનાબેન વચ્ચે પ્રેમ સબંધ બંધાયેલ અને બીનાબેન અભિષેકને ફોન ઉપર ડીમકભાઇ સાથે થયેલ ઝઘડાની વાત અવાર નવાર કરતી હતી. તેમજ અભિષેક ડીમકના ઘરે અવાર નવાર આવતો હતો અને રોકાતો હતો આજથી બે એક માસ પહેલા બીનાબેને અભિષેકને જણાવેલ કે ડીમકભાઇ મારી સાથે દરરોજ દારૂ પીને ઝઘડો કરે છે અને મને માર મારે છે. હવે મને સહન થતુ નથી મારે ડીમકભાઇ સાથે રહેવુ નથી અને તેને મારી નાખવો છે. તુ મને મદદ કરજે મારી સાથે રહેજે જો તુ ના રહે તો હું મરી જઇશ તેવુ કહેલ તેમજ વારંવાર ડીમકને મારી નાખવાની વાત કરતી હોય દરમ્યાન ગઇ તા.૧૫/૦૧/૨૦૧૯ ના રોજ સાડા અગ્યારેક વાગ્યાના અરસામાં બીનાબેને અભિષેકને ફોન કરી જણાવેલ કે, આજે ડીમકને મારી નાખવો છે.

તેવુ જણાવતા અભિષેકે હા પાડેલી ત્યારબાદ સાંજના સાડા આઠેક વાગે બીનાબેને અભિષેકને ફોન કરી જણાવેલ કે, તુ તૈયાર રહેજે આજે તો ડીમકને મારી નાખવો છે તેમ કહેતા અભિષેકે હા પાડેલ ત્યારબાદ રાત્રીના આશરે સાડા દસેક વાગે બીનાબેને અભિષેકને ફોન કરી કડોદરા ચાર રસ્તાની આગળ પેટ્રોલ પંપ પાસે ઉભો રહેવા જણાવતા અભિષેક તેના ઘરેથી મસાલો વાટવાનો ખાંડણીનો દસ્તો લઇ આવતા ડીમકભાઇ તથા બીનાબેન તેઓની મહીન્દ્રા પીકપ ગાડી લઇને કડોદરા ચાર રસ્તાની આગળ પેટ્રોલ પંપ પાસે આવતા અભિષેકને ત્યાંથી બેસાડી ચીખલી તરફ આવવા નીકળેલા હતા તે દરમ્યાન ડીમક તથા તેની પત્ની બીનાબેન નાઓ વચ્ચે ઝઘડો તકરાર તથા બોલાચાલી શરૂ થઇ ગયેલ અને પલસાણા નજીક આવતા ડીમકે ગાડી ઉભી રાખતા પીકપના શીટની પાછળ એક લોખંડનો સળીયો પડેલ હતો તે લઇને બીનાબેને ડીમકને માથાના ભાગે એક ફટકો મારેલ અને તેના કપાળના ભાગેથી લોહી નીકળતા અભિષેકે ગાડી ચલાવી લીધેલ તેમજ લોખંડનો સળીયો બીનાબેને ગાડીમાં પાછળ મુકી દીધેલ અને તેઓ ત્રણેય જણા ચીખલી આવવા નીકળેલા અને બીનાબેનના જણાવ્યા મુજબ અભિષેકે પીકપ ગાડી ચલાવેલ અને ગણેશ સીસોદ્રા બ્રીજ નીચેથી દાંડી તરફના રોડે થઇ ઇંટાળવાથી ગણદેવી રોડ ઉપર જવા નીકળેલા હતા અને સોનવાડી અંબિકા નદીનો બ્રીજ ઉતરી થોડેક આગળ જઇ અભિષેકે ગાડી ઉભી રાખેલ અને આ ડીમકને પીકપમાંથી બહાર કાઢી પોતે લાવેલ લોખંડના દસ્તાથી ડીમકને બે ચાર ફટકા માથાના ભાગે મારી દીધેલા હતા જેથી ડીમકને લોહી નીકળવા લાગતા બીનાબેને તેનું કાળા કલરનું જેકેટ હોય તે જેકેટ માથા ઉપર નાંખી દીધેલ અને ત્યાંથી ગાડી પાછી વાળી બ્રીજ ઉપર આવી બ્રીજની વચ્ચે ગાડી ઉભી રાખી બીનાબેને ડીમકના પગ પકડી તેમજ અભિષેકે હાથથી પકડી ડીમકને ઉંચકીને અંબિકા નદીમાં નાખી દીધેલ તેમજ તેનું જેકેટ પણ સાથે અંબીકા નદીમાં નાખી દીધેલ. અને ત્યાંથી નીકળી ગણદેવી થઇ આલીપોર હાઇવે ઓવરબ્રીજ નીચે થઇ કોલેજ રોડ ઉપર જતા જમણી સાઇડે આવેલ રીલાયન્સ પેટ્રોલપંપ થી થોડેક આગળ ગાડી ઉભી રાખી ગાડીમાંથી ડીમકને મારેલ લોખંડનો દસ્તો નજીકમાં આવેલ કચરાના ડબ્બામાં નાંખી દઇ પેટ્રોલપંપ ઉપર જઇ પાણીની બોટલ ભરી લાવી પીકપ ગાડીમાં પડેલ ડીમકનું લોહી સાફ કરી નાંખેલ હોવાની હકીકત જણાવી બન્નેએ ગુનાની કબુલાત કરતા હોય ગણદેવી પો.સ્ટે. ખાતે । ગુ.ર.નં. ૦૫/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૦૨,૧૧૪ મુજબનો ગુનો કલાક ૧૯/૨૦ વાગ્યે દાખલ થયેલ છે અને સદર કામે બન્ને આરોપીઓને અટક કરી આગળની વધુ તપાસ સારૂ ગણદેવી પો.સ્ટે.નાઓ તરફ સોપી આપેલ છે. અને આગળની વધુ તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રાયજાદા નાઓ કરી રહેલ છે.